

નગરમાં તંત્ર દ્વારા ગતિ અવરોધકો નંખાયા પણ પોલ ખુલી ગઈ, હજુ થોડો સમય થયો ત્યાં ખીલ્લા બહાર આવી ગયા. અરે ક્યાંક તો પટ્ટાના ટુકડાય ઉડી ગયા. વાહનોના ટાયરોને નુકશાનકર્તા આ ગતિઅવરોધક શા કામનાં ? (તસવીર : કશ્યપ નિમાવત)

# ૨૦૦૫ પહેલાની ચલણી નોટ સંદર્ભે ગ્રાહકો અને વેપારીઓ વચ્ચે થતો ગજગ્રાહ

## નોટની માલિકી નોંધીને સ્વીકારાય છે, ચલણનો અસ્વીકાર એ ફોજગારી ગુન્હો બની શકે છે

ગાંધીનગર, તા.૧૧

ભારતીય ચલણમાં છે તેવી ૨૦૦૫ પહેલાંની ચલણી નોટને સીક્યુરીટી કારણોસર પરત ખેંચવાનો રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાનો આદેશ થયેલ છે. જે સંદર્ભે આવી ચલણી નોટ પ્રત્યે દરેક નાગરીક જાગૃત બન્યો છે પરંતુ કેટલાક સ્થળોએ વિનિમય સંદર્ભે નોટ આપનારની માલિકી દર્શાવવાની ફરજ પડાઈ રહી છે જેથી ગ્રાહક અને વેપારી વચ્ચે ગજગ્રાહ સર્જાઈ રહ્યા છે. જો કે ચલણનો અસ્વીકાર એ ફોજદારી ગુન્હો બની જવાની શકયતાએ સમાધાનકારી વલણ અપનાવી લેવાય છે.

રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ૨૩-૧-૨૦૧૪ના તમામ બેંકોને લખેલા પરિપત્ર મુજબ ૨૦૦૫ પહેલાંની ચલણી નોટોને બદલી આપવા આદેશ કરેલ હતો જેની મુદત ૩૧ માર્ચ ૨૦૧૪ના રોજ હતી. જેમાં ફેરફાર કરી આર.બી.આઈએ. ૩ માર્ચ ૨૦૧૪ના રોજ આ મુદતને ૧ જાન્યુઆરી ૨૦૧૫ સુધી લંબાવી દીધી છે. રીઝર્વ બેંકના આદેશમાં ભારતભરની દરેક બેંકોને ચલણી નોટ માટે કોઈ પણ જાતના કારણ વગર દરેક નાગરિકને બદલી આપવા જણાવેલ છે. છતાં પણ વ્યવહારમાં ૨૦૦૫ની પહેલાંની ચલણી નોટ ઉપયોગ કરવા જતાં ગાંધીનગર, અમદાવાદ જેવા અનેક શહેરોમાં માલિકીની નોંધ કરવા ફરજ પડાઈ રહી છે જેથી ગ્રાહકો અને વેપારીઓ વચ્ચે તકરારો થઈ રહી છે.

રીઝર્વ બેંકના સ્પષ્ટ આદેશ મુજબ દરેક બેંકો આવી નોટો કોઈ પણ જાતની સાબિતી કે કારણ વગર હાલમાં બદલી રહી છે જેથી આ અંગે કેટલાક નાગરીકો હવે નામ જોગ ફરીયાદ કરવાની તૈયારી કરી લીધી છે. જો કે ચલણમાં ચાલે તેવું નાણું કોઈ પણ વ્યકિત કે અન્ય કોઈ અસ્વીકાર કરે તો તે ગુનો બનતો હોવાનું કાયદાના જાણકારો કહી રહ્યા છે. જેથી આ બાબતને સરળતાથી સહજ લઈ ભારતીય ચલણની સુરક્ષા અને અર્થતંત્રની સુરક્ષા માટે સહકારી વલણ અપનાવાય તે ઈચ્છનીય બન્યું છે.

# બે વર્ષથી નાસતા ફરતા છેતરપીંડીના બે આરોપી પકડાયા

## સે. ૨૮ પાસેથી એલસીબીની એબસ્કોન્ડર સ્કવોર્ડે બન્નેને ઝડપી પાડ્યા

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લાના દહેગામ પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૧૨માં દાખલ થયેલા છેતરપીંડી અને વિશ્વાસઘાતના ગુનામાં નાસતા ફરતા બે વોન્ટેડ આરોપીઓને ગાંધીનગર એલસીબીની ટીમે સેક્ટર-૨૮ પાસેથી ઝડપી પાડી દહેગામ પોલીસને સોંપી દીધા છે.

આગામી લોકસભાની ચૂંટણીમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તેના ભાગરૂપે જિલ્લા પોલીસ વડા શરદ સિંઘલે નાસતા ફરતા આરોપીયોને પકડી પાડવાની કામગીરી કરવા એલસીબી પીઆઈ આશુતોષ પરમારને સુચના આપી છે. જેને પગલે પીઆઈ પરમારની સુચના તથા માર્ગદર્શનથી એબસ્કોન્ડર સ્કવોડ વોન્ટેડ આરોપીઓને પકડવા દોડધામ કરી રહી છે. ગઈકાલે દહેગામ પોલીસ સ્ટેશનમાં દાખલ છેતરપીંડીના ગુનામાં નાસતા ફરતા બે વોન્ટેડ આરોપીઓને સ્કવોર્ડે સે. ૨૮ પાસેથી પકડી પાડ્યા છે. જમાલપુર રહેતા મહંમદ ફારૂક મેરાજખાન પઠાણ અને દાણીલીમડાના રીયાઝ અહેમદ હમીદહુસેન શેખ બન્નેને પકડીને એલસીબીએ દહેગામ પોલીસને સોંપી દીધા છે.

## સેકટર-૭/ડી આદ્યશક્તિ સાંસ્કૃતિક મંડળે પરીક્ષાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી

ગાંધીનગર, તા. ૧૧

સેકટર-૭/ડી આદ્યશક્તિ સાંસ્કૃતિક મંડળ દ્વારા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના પરીક્ષાર્થીઓ જે આદ્યશક્તિ સાંસ્કૃતિ મંડળસાથે સંકળાયેલ હોય તેઓને વસાહતીઓ, વડીલો તરફથી શુભેચ્છાઓ પાઠવી મોં મીઠું કરાવ્યું હતું. કોર્પોરેટર કાર્તિકભાઈ પટેલ હાજર રહી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

# જમીન દલાલનું અપહરણ કરનાર બે અપહરણકારો ઝડપાયા

ગાંધીનગર, તા. ૧૧

શહેરમાંથી જમીનની લેતી દેતી મામલે તા. ૧૦ના રોજ ગાંધીનગરના સે. ૨૬ ખાતે રહેતા જમીનદલાલનું ઈન્ફોસિટી ખાતેથી ભર બપોરે આઠ શખ્સો દ્વારા અપહરણ કરવામાં આવ્યું હતું. જેમાંથી બે શખ્સોને સેક્ટર-૭ પોલીસ દ્વારા ઝડપી પાડી રીમાન્ડ મેળવવા કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ બે દિવસ અગાઉ જમીનની લેતીદેતી બાબતે સેક્ટર-૨૬ ખાતે રહેતા પ્રકાશભાઈ શંકરભાઈ પટેલ જમીન દલાલનો વ્યવસાય કરે છે. જેમનું ઈન્ફોસીટી ખાતેથી બપોરના સમયે આઠ શખ્સો દ્વારા અપહરણ કરવામાં આવ્યું હતું. જેમાંથી પોલીસે બે અપહરણકારોને ઝડપી પાડ્યા છે.

અપહરણમાં હસમુખ હંસરાજ પટેલ રહે. શુકન હાઈ. કુડાસણ ગાંધીનગર અને વિષ્ણુભલા રબારી રહે. દસક્રોઈ અમદાવાદની ધરપકડ કરવામાં આવી છે. સેક્ટર-૭ના પી.એસ.આઈ. એ.કે. ભરવાડે અપહરણકારોની ધરપકડ કરી રીમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરી છે.

## અવસાન નોંધ

રમણીકલાલ રૂપશંકર હાથીના ધર્મપત્ની શોભનાબેન રમણીકલાલ હાથી (ઉ.વ.૮૧)નું અવસાન તા. ૧૦ માર્ચના રોજ થયું છે. સ્વર્ગસ્થની પ્રાર્થના સભા તા. ૧૩ માર્ચ ગુરુવાર સાંજે ૪ થી ૬ કલાક સુધી જીઈબી કોલોની સાબરમતી અમદાવાદ ખાતે રાખવામાં આવી છે.



## ફેકલ્ટી ઓફ એજયુકેશન વિભાગમાં યોજાયેલ કેમ્પસ પ્લેસમેન્ટ

કડી સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગર સંચાલિત આર.એચ. પટેલ ઈંગ્લિશ મીડિયમ બી.એડ કોલેજ, એસ.એસ. પટેલ કોલેજ ઓફ એજયુકેશન, ડી.એચ. પટેલ ડિપાર્ટમેન્ટ ઓફ એજયુકેશન અને ઈંગ્લિશ મીડિયમ પી.ટી.સી. કોલેજના સંયુકત ઉપક્રમે કેમ્પસ પ્લેસમેન્ટનું આયોજન સેકટર-૨૩ ખાતે કરવામાં આવ્યું હતું. આ કેમ્પસ પ્લેસમેન્ટમાં સી.બી.એસ.સી., આઈ.સી.એસ.ઈ., જી.એસ.ઈ.બી. ઈન્ટરનેશનલ સ્કૂલોમાં ચાલતાં ઈંગ્લિશ મીડિયમ અને ગુજરાતી મીડિયમની ગાંધીનગર, અમદાવાદ, માણસા, કલોલ, ધાનેરા, ઈડર, પાટણ જિલ્લામાં આવેલ ૩૩ શાળાઓના આચાર્યો તથા ટ્રસ્ટીમંડળના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ઈંગ્લિશ અને ગુજરાતી મીડિયમ બી.એડ.ના વિદ્યાર્થીઓ અને ઈંગ્લિશ મીડિયમ પીટીસીના વિદ્યાર્થીઓ મળીને કુલ ૨૫૫ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન ફેકલ્ટી ઓફ એજયુકેશનના ડીન ડૉ. વીણાબેન પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયું હતું. આર.એચ. પટેલ બી.એડના હેડ ડૉ. કુસુમબેન યાદવ અને ગુજરાતી માધ્યમ બી.એડ.ના જીજ્ઞાષાબેન પટેલ તથા સાથી પ્રાધ્યાપકોના સહકારથી કેમ્પસ પ્લેસમેન્ટ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## ૩૦ દેશના ઉદ્યોગ સાહસિકો ગાંધીનગર આવે છે

ગાંધીનગર, તા. ૧૧

૩૦ જેટલા દેશોના ૬૦ જેટલા ઉદ્યોગ સાહસિકો આગામી ૧૩મીના રોજ ગાંધીનગર ખાતે નેશનલ એન્ટરપ્રીન્યોરશીપ બોર્ડના મહેમાન બની આવી રહ્યા છે.

મળતી વિગતો પ્રમાણે આ પ્રતિનિધિ મંડળ ૧૩મીએ મહાનગરપાલિકા ખાતે આવી અને મનપાની કામગીરી નિહાળશે. આ માટે મનપા દ્વારા એક પ્રેઝન્ટેશન પણ તૈયાર કરવામાં આવી રહ્યું છે.

આ પછી આ પ્રતિનિધિમંડળ એલ.ડી.આર.પી. કોલેજ ખાતે જશે જ્યાં એન્જીનીયરીંગ વિદ્યાશાખાના બાળકો સાથે સંવાદ કરશે.

આ પ્રતિનિધિ મંડળ ૧૫મીએ ગાંધીનગર મધુર ડેરીની પણ મુલાકાત લેનાર છે.

# સરગાસણમાંથી ૩ ઓરીના કેસ મળ્યા

## ૧ બાળકીને સારવાર માટે સિવિલમાં દાખલ કરાઈ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરને અડીને આવેલ સરગાસણ ગામમાંથી ઓરીના ૩ કેસ મળી આવતાં આરોગ્યતંત્ર ચોંકી ઉઠ્યું છે. સરગાસણ પમ્પીંગ સ્ટેશનની બાજુમાં આવેલ ઝુંપડપટ્ટીમાંથી આ કેસો મળી આવ્યા છે. મળતી વિગતો પ્રમાણે ૬ થી ૮ વર્ષની આયુ ધરાવતા બાળકોમાં આ ઓરીના કેસ નોંધાયા છે.

મળતી વિગતો પ્રમાણે એક બાળકીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. જ્યારે બે બાળકો શંકાસ્પદ જણાયા છે જો કે તેમને બહારના દર્દી તરીકે સારવાર આપવામાં આવી છે.

ગાંધીનગર શહેર નજીકના વિસ્તારમાંથી આ દર્દીઓ મળ્યા હોવાથી આરોગ્યતંત્રએ આ બાબતને ગંભીરતાથી લીધી છે. અને સવારથી સમગ્ર વિસ્તારમાં સર્વેલન્સની કામગીરી હાથ ધરવાનો નિર્ણય કર્યો છે.

# ૧૮મી માર્ચે ગુજરાત લાયબ્રેરી એસોસિએશનની બેઠક મળશે

## મુખ્યમંત્રી સમક્ષ સમસ્યાઓ અંગે રજૂઆત કરાઈ ચુકી

અમદાવાદ, તા.૧૧

ગુજરાત લાયબ્રેરી એસોસીએશન દ્વારા સમગ્ર રાજ્યના ગ્રંથપાલોને નડતી સમસ્યાઓને લઈને લડત ચલાવવામાં આવી રહી છે. આ સમસ્યાઓને લઈને એસોસીએશને ૧૮મી ફેબ્રુઆરીએ મુખ્યમંત્રીને રજુઆત કરી હતી. જો કે ગ્રંથપાલની સમસ્યાઓનાં નિરાકરણ લાવવા અને તેમને ન્યાય અપાવવા માટે રાજ્ય સરકાર દ્વારા હજુ સુધી કોઈ પગલાં લેવામાં આવ્યા નથી. જેના કારણે ગુજરાત લાયબ્રેરી એસોસીએશનને આગામી ૧૮મી માર્ચે સમગ્ર રાજ્યનાં ગ્રંથપાલની બેઠકનું આયોજન કર્યું છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાતની મોટાભાગની લાયબ્રેરીઓમાં ગ્રંથપાલ જ નથી. આ ઉપરાંત જે ગ્રંથપાલો ફરજ બજાવી રહ્યા છે તેમની સમસ્યાઓ તરફ સરકાર દ્વારા ઉદાસીનતા દાખવવામાં આવી રહી છે. જેને લઈને ગુજરાત લાયબ્રેરી એસોસીએશનો ગત ૨૮મી ફેબ્રુઆરીએ મુખ્યમંત્રીને રજુઆત કરી હતી જેમાં ગ્રંથપાલોની સમસ્યાઓનું નિરાકરણ લાવવા અને તેમને ન્યાય મળે તે માટે રજુઆત કરવામાં આવી હતી. ખાસ કરીને રાજ્યની સરકારી અને ગ્રાન્ટ ઈન એઈડ કોલેજોમાં કાર્યરત ગ્રંથાલયોમાં છેલ્લા ૧૫ વર્ષથી ગ્રંથપાલોની ભરતી કરવામાં આવી નથી ત્યારે આ ભરતી પ્રક્રિયા સત્વરે ચાલુ કરવા માંગ કરાઈ હતી, એટલું જ નહીં આ ભરતી પ્રક્રિયામાં વયમર્યાદા નાબૂદ કરવી કે જેથી જે લોકોને છેલ્લા ૧૫ વર્ષથી ન્યાય મળ્યો નથી તેવા ગ્રંથપાલોનો જ્ઞાનનો લાભ પણ લહી શકયા નથી. આ ઉપરાંત ગ્રંથપાલોને કોલેજોમાં અધ્યાપકની સમકક્ષ દરજ્જો આપવા માટે પણ રજુઆત કરવામાં આવી હતી પરંતુ સરકાર દ્વારા ગુજરાત લાયબ્રેરી એસોસીએસનની એક પણ રજુઆત તરફ ધ્યાન આપવામાં આવ્યું નથી ત્યારે બીજી તરફ ગુજરાત લાયબ્રેરી એસોસીએશનના સભ્યોની આગામી ૧૮મી માર્ચના રોજ આણંદની બાકરોલ કોમર્સ કોલેજમાં સવારે ૧૦:૦૦ કલાકે બેઠક મળશે.



## ભાજપના કાર્યકરોનો હવે ટ્રેનમાં ચાય પે ચર્ચાનો અનોખો પ્રચાર

ગાંધીનગર, તા. ૧૧

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના ચાય પે ચર્ચાના કાર્યક્રમનો પ્રચાર હવે ટ્રેનમાં શરૂ થવા પામ્યો છે.

ભાજપના ધારાસભ્યો કાર્યકરો હવે ટ્રેનોમાં જઈ પેસેન્જરોને ચાય આપીને ચાય પે ચર્ચા કરી મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને વડાપ્રધાન બનાવવા માટે સહયોગી બને તેવી અપીલો કરતાં ટ્રેનોમાં નજરે પડ્યા હતા. સુરતના ભાજપના મહિલા ધારાસભ્ય સાંસદ પાટીલ તેમજ કાર્યકરોએ સુરત રેલવે સ્ટેશન પર આવતી ટ્રેનોમાં મુસાફરી કરતાં મુસાફરોને મોદીના ફોટાવાળા કપમાં ચા આપવામાં આવે છે.

મુસાફરો સાથે આ સાથે ચાય પે ચર્ચા કરી ભાજપને સમર્થન આપવા અપીલ કરવામાં આવે છે. આ ઉપરાંત મહિલા મુસાફરોના હાથમાં કમળના નિશાનની મેંદી મુકવામાં આવે છે. આમ અનોખી રીતે હવે ભાજપના ધારાસભ્ય કાર્યકરોએ ટ્રેનમાં પણ ચાય પે ચર્ચા દ્વારા અનોખો ચૂંટણી પ્રચાર શરૂ કર્યો છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૫૮

સૂર્યાસ્ત : ૬.૪૨

## તાપમાન

મહત્તમ : ૩૪.૫ ડિ.સે.

લઘુત્તમ : ૧૪.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૨ ટકા ● સાંજે ૨૪ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્કીન-૧ :

શાદી કે સાઈડ ઈફેક્ટસ : ૮.૪૦, ૧૧.૪૦, ૨.૪૦

રાઈસ ઑફ એન એમ્પાયર : ૬.૧૦, ૮.૩૦, ૧૦.૫૦

: સ્કીન-૨ :

શાદી કે સાઈ ઈફેક્ટસ : ૯.૪૦, ૧૨.૪૦, ૩.૧૦, ૬.૪૦, ૯.૪૦

: સ્કીન-૩ :

હાઈવે : ૧૦.૫૫, ૧.૪૦, ૭.૩૫, ૧૦.૨૦

ગુન્ડે : ૪.૨૫

: સ્કીન-૪ :

શાદી કે સાઈડ ઈફેક્ટસ : ૧૦.૪૦, ૧.૪૦, ૪.૪૦, ૭.૪૦, ૧૦.૪૦

### આર વર્લ્ડ

: સ્કીન-૧ :

ક્વીન : ૧૦.૩૦, ૧.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

શાદી કે સાઈડ ઈફેક્ટ : ૪.૩૦

: સ્કીન-૨ :

ગુલાબ ગેંન્ગ : ૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

ટોટલ સીયાપા : ૧.૩૦, ૭.૩૦

: સ્કીન-૩ :

રાઈસ ઓફ એન એમ્પાર : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્કીન-૧ :

શાદી કે સાઈડ ઈફેકટસ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્કીન-૨ :

ગુન્ડે : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫

રાઈસ ઑફ એન એમ્પાર : ૬.૩૦, ૯.૩૦

: સ્કીન-૩ :

અનુરાધા : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦

ગુન્ડે : ૭.૧૫, ૧૦.૧૫

### ચિરાગ સિનેમા(કલોલ)

શાદી કે સાઈડ ઈફેકટસ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### ટાઉન હોલ

- ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા 'વાહ ગુરુ' નામક નાટક રાત્રે ૯.૩૦ કલાકે.

### શૈક્ષણિક

- કડી સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગર સંચાલિત અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજ દ્વારા વાર્ષિક મહોત્સવ સવારે ૯.૦૦ કલાકે, ખીમજીભાઈ વિસરામ હોલ, સેકટર-૨૩ ખાતે યોજાશે.

## આપની આજ

**મેષ** : પ્રિય વ્યક્તિથી મુલાકાત થશે. સંતાનની સ્થિતિમાં સુધારની સંભાવના છે. આર્થિક રોકાણ સમજી વિચારીને કરવું. મિત્રોની સાથે સમય પસાર થશે. કૌટુંબિજનો સાથે વાદવિવાદ ટાળવો.

**વૃષભ** : કાર્યોમાં નવીન સમસ્યા આવશે, જેથી ધૈર્ય અત્યંત જરૂરી છે. કર્મક્ષેત્રે કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**મિથુન** : ઉચ્ચ સ્તરીય કલ્પનાઓમાં સમય પસાર થશે. વિશિષ્ટ ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યો થઈ શકે છે. સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠા વૃદ્ધિનો યોગ બની રહ્યો છે.

**કર્ક** : મનમાં ઉલ્લાસ અને જોશ રહેશે, જે તમારા કાર્ય તેમજ વેપારને નવી ગતિ પ્રદાન કરશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમ પૂર્વક ઉકેલવી.

**સિંહ** : સામાજિક કાર્યોથી યશ અને સન્માન પ્રાપ્ત થઈ શકશે. મિત્રોના સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવના છે. વિનમ્રતા અને સામંજસ્યથી કામ કરવું પડશે.

**કન્યા** : માન-સન્માનનો યોગ બનશે. મિત્રોનાં સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવનાઓ રહેલી છે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

**તુલા** : સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક રહેશે. વ્યાપાર- વ્યવસાય ક્ષેત્રમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે.

**વૃશ્ચિક** : નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. સામાજિક કાર્યોમાં વ્યસ્તતા રહેશે. આર્થિક તંગી દુર થવાની સંભાવના છે. પ્રયત્નોથી લાભ થશે.

**ધન** : પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યો પણ ઉકેલ આવશે. મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

**મકર** : વ્યસ્તતા રહેશે. જીવનમાં તનાવ વધશે. પરિચિત વ્યક્તિનો સહયોગ મળવાની સંભાવના છે. બુદ્ધિના ઉપયોગથી કાર્ય વૃદ્ધિ થશે. શત્રુઓથી હાની થવાની સંભાવનાઓ રહેલી છે.

**કુંભ** : આધ્યાત્મિક પ્રવૃત્તિને કારણે મનમાં શાંતિ રહેશે. જ્ઞાન શોધના કાર્યોમાં મન લાગશે. રાજકારણમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત થશે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થશે.

**મીન** : ઉતાવળ અને ભાગદોડથી કાર્ય કરવાની પ્રવૃત્તિ પર અંકુશ રાખો. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

## ચિરવિદાય

- સ્વ. કજીબેન ચંપુજી ઠાકોર(ઉ.વ. ૬૦) મુ.પો. વડસર, તા. કલોલ, જિ. ગાંધીનગર.
- સ્વ. કમળાજી સુખાજી રાણા(ઉ.વ. ૬૫) મુ.પો. ધણપ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. રતીલાલ ખોડીદાસ પારેખ(ઉ.વ. ૭૦) પ્લોટ નં. ૨૯૨/૨, સેકટર-૩/ડી, ગાંધીનગર.
- સ્વ. ભૂરાભાઈ ખોડાભાઈ ઠાકોર(ઉ.વ. ૮૦) મુ.પો.બાલવા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. અંબાલાલ તુલસીરામ જયસ્વાલ(ઉ.વ. ૮૭) બ્લોક નં. ૧૨૬/૨, જ-ટાઈપ, સેકટર-૨૨, ગાંધીનગર.